

# નાનકડાં કર્તવ્યનાં ચહેરા પર સુંદર સ્મિત આપ્યું, પી.એન.આર. સોસાયટીએ...

PNR હૉસ્પિટલમાં બાળકોના તાળવાના કાણાં તથા અન્ય પ્લાસ્ટિક સર્જરીના ઑપરેશન વિનામૂલ્યે કરવામાં આવે છે

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ ડિસેમ્બર - ૨૦૨૨, અંક નં. ૧૨૦ | ૪૮૬

પેજ નં. પાંચ ઉપર

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 Dec.- 22 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર



દાતાઓનું સન્માન



વાલી સંમેલન




સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ અંતર્ગત સહાય



દ્વિતીય સત્ર પ્રારંભ



શ્રવણમંદ પરિવારોને ધાબળા વિતરણ



નિવૃત્તિ શુભેચ્છા સમારંભ



સતર્કતા જાગૃતિ સપ્તાહ




રશ્મિ-મનહર સહાયનિધિ ફંડ અંતર્ગત સહાય

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . . . ૦૪
- નાનકડાં કર્તવ્યના ચહેરા પર સુંદર સ્મિત આપ્યું, પી.એન.આર. સોસાયટીએ . . . . . . . . . . . . . ૦૫
- નિષ્ઠાવાન કાર્યકરની વિદાય. . . . . . . . . . . . . . . ૦૫
- વિકલાંગ મહિલા આવાસ રીપેરિંગ યોજના . . . . . . ૦૬
- પી.એન.આર. હોસ્પિટલમાં આવેલ દાન . . . . . . . ૦૬
- 'સતર્કતા જાગૃતતા સપ્તાહ' . . . . . . . . . . . . . . ૦૭
- નિવૃત્તિ શુભેચ્છા સમારંભ. . . . . . . . . . . . . . . . ૦૮
- સરોવર પોર્ટિકો મુલાકાત . . . . . . . . . . . . . . . ૦૮
- પી.આર. વાધર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર . . . . . . ૦૮
- શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હૉસ્પિટલ . . . . . . . . ૦૯
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . . . ૦૯
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . ૧૦
- શ્રધ્ધાંજલિ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૦
- 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . . . . . . . ૧૧
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . . . ૧૨
- સ્લો-લર્નર પ્રોજેક્ટ. . . . . . . . . . . . . . . . . . . ૧૨
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ . . . . . . . ૧૩
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૪
- 'શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ' તથા 'સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ' . . . . . . . . . . . . . ૧૫
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ . . . . . . ૧૬
- 'વિશ્વ દ્રષ્ટિ દિવસ'નો સંદેશ 'સફેદ લાકડીનું સન્માન કરો.'. . . . . . . . . . . . ૧૭
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . ૧૮
- ડૉક્ટર્સે જન્મ સમયે જ કહ્યું હતું કે, "હેલી ચાલી નહીં શકે", . . . . . . . . . . . . . ૧૮
- દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ . . . . . . . . . . . . ૧૯
- દિવ્યાંગો માટેના સમાચાર. . . . . . . . . . . . . . . ૨૦
- ડોનેશન લિસ્ટ. . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨
- દિવ્યાંગો માટે અલગ 'સેલ' બનાવવામાં આવશે . . . . ૨૨
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## ૩જી ડિસેમ્બર, વિશ્વ વિકલાંગ દિવસ...

૧૯૯૨માં યુનો દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓની ગરીમા, અધિકારો અને કલ્યાણ માટે, લોકોમાં જાગૃતિ અને સમર્થન પ્રાપ્ત થાય તે માટે ૩જી ડિસેમ્બરને **વિશ્વ વિકલાંગ દિવસ** જાહેર કરવામાં આવેલ. સરકારશ્રી, N.G.O. તથા અન્ય સંગઠનો દ્વારા આ દિવસની વિવિધ રીતે ઉજવણી કરી, સમાજને દિવ્યાંગોના પ્રશ્નો, અધિકારો પ્રત્યે જાગૃત કરાય છે.

છેલ્લી વસ્તી ગણતરી મુજબ ભારતમાં આશરે ૨.૩૮ કરોડ વિકલાંગો છે. આપણા ભાવનગર જિલ્લામાં જ ૩૫,૦૦૦ ઉપરાંત દિવ્યાંગો છે. જ્યારે તેમના સર્વાંગી વિકાસ માટે કાર્યરત સંસ્થાઓ ખૂબ જ ઓછી છે. આપણી PNR અને ભગિની સંસ્થાઓ વર્ષોથી તેમના શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસન માટે કાર્યરત છે, પણ આપણે મર્યાદિત સંખ્યા સુધી જ પહોંચી શકયા છીએ.

ભારત સરકાર દ્વારા ૨૧ પ્રકારની દિવ્યાંગતાનો સમાવેશ કરતો **પર્સન વિથ ડિસેબિલિટી એક્ટ-૨૦૧૬** અમલમાં આવ્યા પછી તેઓના શિક્ષણ, રોજગારી, અધિકારોના ક્ષેત્રે ઘણું કાર્ય થયું છે. દિવ્યાંગોએ પણ અનેકવિધ ક્ષેત્રોમાં પોતાની શ્રેષ્ઠતા અને સિધ્ધિઓ સાબિત કરી છે, પરંતુ હજુ પણ તેઓને સન્માનભરી જિંદગી માટે સંઘર્ષ કરવો પડે છે, તે આપણા સમાજ માટે કલંકરૂપ છે.

તાજેતરમાં જ સારા સમાચાર આવે છે કે, દિવ્યાંગો માટે ૨૦૩૦ સુધીમાં સિંગાપોર એ દુનિયાનો સૌથી સુવિધાજનક દેશ બની જશે. તેનો રોડ મેપ ત્યાંની સરકારે જાહેર કર્યો છે. પંજાબમાં પણ દિવ્યાંગો માટે અલગ મંત્રાલય અને મહારાષ્ટ્રમાં અલગ 'સેલ' બનાવાય રહ્યું છે ત્યારે, ગુજરાતની નવી સરકાર પણ આ બાબતમાં ગંભીરતાથી વિચારી, યોગ્ય નિર્ણય લે અને N.G.O. માં શિક્ષકોની ભરતી સહિત અટવાયેલા અનેક પ્રશ્નોનો ઉકેલ લાવે, તે આજના દિવસે અપેક્ષા રાખવી યોગ્ય લાગે છે.

**કિરીટ રાઠોડ**

'આ જીવન અલ્પકાલીન છે. જેઓ બીજા માટે જીવે છે તેઓ જ ખરેખર જીવે છે, બાકીના લોકો તો જીવતા કરતા મરેલા વધારે છે.'

**- સ્વામી વિવેકાનંદ**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૨૦ / ૪૮૬**
  ૧૫ ડિસેમ્બર - ૨૦૨૨
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



## KLID in the Top Gear

With its arms the K. L. Institute for the Deaf (KLID) took great leap forward of making perception into projection and earned credits from agency of the government and guardians of its deaf beneficiaries. Principal of its K. K. Ajmera Teachers Training College Shri Santoshbhai Yadav's getting **'Good Standing Certificate'** from Rehabilitation Council of India - a pivotal government regulatory agency and his delivering lectures in CRE's as Resource Person for different aspects of deaf education at different places; P.R. Vadhar Artificial Limbs Center's supplying aids, appliances artificial limbs to 215 handicapped; organising competition for making Diwali Greeting Cards for its wards and Elocution Competition during **Satarkata Jagrutata Saptah (Vigilance Awareness Week),** etc. have been major accomplishments.

## Nataraj C.P. School's Initiatives

A **Seminar on Convulsions** graced by Pediatric Neurophysician Dr. Dhaval Solanki organised by Nataraj Special School for Cerebral Palsy Children drew large audience of guardians. Celebration of National Child Day and awarding medals to winners of C. P. Khel Mahakumbh were the highlights among routine activities of the C .P. School and Resource Centers.

## K.N. Shah High Tech Inc. School

Organisation of sports for its both normal and disabled wards of Std IX$^{th}$ to XII$^{th}$, GKIQ Test, Competition for Rangoli and Lamps making and a Conclave of New National Education Policy by this school placed it in highlight in the city.

## Other Activities

Awarding of certificates to the successful trainees by AT&T Technology Institute, Ankur's Bhanuvadi Vocational Center's preparing house hold items and selling them, medical and surgical services of PNR Special Hospital and V.C. Lodhawala Hospital are described in this issue.


## Tail Piece

This issue also carries pertinent news for the disabled and general alerts besides success stories of the disabled who have begun to assert for their rights under Right of Persons with Disability Act, 2016 of the Government of India.

## અભિપ્રાય

**પ્રિય શ્રી કિરીટભાઈ,**

'કોશિશથી કામયાબી' મેગેઝિનનો ઓકટોબર-૨૦૨૨નો અંક મળ્યો. આપણી સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ જાણીને આનંદ થયો. ખાસ કરીને, મારું ધ્યાન ગયું પાન. ૧૯ ઉપર, જ્યાં તમે **'શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય'** ની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો છે.



બાળકોને **ભોળાનાથના દર્શન કરાવો કે રક્ષાબંધન, ગણેશ ઉત્સવ** વિગેરે... પ્રસંગોની ઉજવણીનો લાભ બાળકોને મળે છે, તે ખૂબ આનંદની વાત છે. એ સૌ બાળકોને મારા આશીર્વાદ અને સૌ સંચાલક મિત્રોને મારા અભિનંદન.

સસ્નેહ, **- મોહન પટેલ**

(પૂર્વ શેરીફ-મુંબઈ; સંસ્થાના દાતાશ્રી)

# નાનકડાં કર્તવ્યના ચહેરા પર સુંદર સ્મિત આપ્યું, પી. એન. આર. સોસાયટીએ

કેટલીક જન્મજાત ખામીઓ એવી હોય શકે જેનો સમયસર ઈલાજ ન થાય તો બાળકને આજીવન પીડા ભોગવવી પડે છે. આવી જ જન્મજાત ખામી પૈકી એક છે કપાયેલાં હોઠ. આ માત્ર બાહ્ય દેખાવ સાથે જ લાગતી વળગતી બાબત નથી, પરંતુ બાળકના ખોરાક લેવાથી માંડી તંદુરસ્તીની અનેક બાબતો સાથે જોડાયેલી વાત છે. આવા બાળકની પીડા દૂર કરવા ભાવનગરની પી.એન.આર. સોસાયટી વિનામૂલ્યે સેવાયજ્ઞ ચલાવી રહી છે. આવું જ એક બાળક કર્તવ્યના ચહેરા પર આ સેવાયજ્ઞ દ્વારા સ્મિત આવ્યું છે.

**મારા સંતાનની ખૂબ સારી સારવાર અને સેવા આ સંસ્થાએ કરી છે. આવા અનેક બાળકો માટે આ સમગ્ર ટીમ જે કરી રહી છે, તે બહુ મોટું કાર્ય છે**

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના કઠવા ગામના શ્રી વિજયભાઈ પરમાર સામાન્ય નોકરીયાત માણસ. પરિવારમાં આઠ સભ્યો અને તેમાં બે બાળકો. આ બાળકો પૈકી એક કર્તવ્યને કપાયેલાં હોઠની ખામી હતી. આ જન્મજાત ખામીને કારણે બાળકને તો પીડા હતી જ, સાથે પરિવારને પણ વ્યથા હતી કે 'કર્તવ્યના કપાયેલાં હોઠને સરખો કરવાનું મોટું ઓપરેશન કેટલા રૂપિયામાં થશે? કઈ રીતે થશે?' પરંતુ આ સમયે પી.એન.આર. સોસાયટી તેની વ્હારે આવી અને રસ્તો મળી ગયો.



આ સંસ્થા દ્વારા મુંબઈથી આવતા સર્જન દ્વારા છેલ્લાં ૨૨ વર્ષથી PNR હોસ્પિટલમાં બાળકોના કપાયેલાં હોઠ, તાળવામાં કાણું અને મૂત્ર નલિકાની ખામીના ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવે છે. આ વાત શ્રી વિજયભાઈને ખબર પડી અને તેમણે સંસ્થાનો સંપર્ક કર્યો. મુંબઈથી આવતા નિષ્ણાંત પ્લાસ્ટિક સર્જન ડો. નરેશ વાધવાએ ઓપરેશનનો સમય આપ્યો અને આખરે તદ્દન વિનામૂલ્યે ઓપરેશન થયું અને છ માસનો નાનકડો કર્તવ્ય આખરે મુકત મને સ્મિત કરતો થઈ ગયો. તેના હોઠ હવે શબ્દોને વાચા આપવા અને હસવા માટે તૈયાર હતા.બાળકના પિતા શ્રી વિજયભાઈ કહે છે ''મારા સંતાનની ખૂબ સારી સારવાર અને સેવા આ સંસ્થાએ કરી છે. આવા અનેક બાળકો માટે આ સમગ્ર ટીમ જે કરી રહી છે, તે બહુ મોટું કાર્ય છે અને અનેક માતા-પિતાના આશીર્વાદ અને બાળકોની અમી દૃષ્ટિ સદાયે આ સંસ્થા પર વરસતી રહેશે.'' કપાયેલાં હોઠ હોય કે તાળવામાં કાણું હોય કે પછી મૂત્ર નલિકાની ખામી હોય, આ માટેના ઓપરેશન ખૂબ ખર્ચાળ હોય છે, પરંતુ ભાવનગરની આ સંસ્થામાં તે વિનામૂલ્યે થાય છે, જેનો પ્રતિ વર્ષ ૬૦૦ થી વધુ બાળકોને તેનો લાભ મળે છે.

# નિષ્ઠાવાન કાર્યકરની વિદાય

મનસુખભાઈ સોરઠિયાને સંસ્થામાં કોણ ન ઓળખે ? તા. ૧૮ નવે.`૨૨ ના રોજ ટૂંકી બીમારીમાં તેમનું અવસાન થઈ ગયું. ખોટ તેમના પરિવારને તો પડી, સાથે સંસ્થાને પણ પડી. કેટલીક વખત માણસની હયાતી કરતા ગેરહયાતીમાં તેની કિંમત વધુ સમજાય છે, મનસુખભાઈનું એવું જ છે. કારણ કે તેઓ પાસે બહેરાં-મૂંગા શાળા, PNR સોસાયટી, નવજવાન સંઘ (લોઢાવાળા) તથા રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ વગેરે સંસ્થાઓની ચેરિટી કમિશ્નર, લેબર કોર્ટ, ડિસ્ટ્રિકટ કોર્ટ અને હાઈકોર્ટની અગત્યની કામગીરી હતી. વર્ષોથી આ કામગીરી સંભાળતા મનસુખભાઈ વકીલ કરતા દોઢ વકીલ થઈ ગયા હતાં. તેમનું મગજ કમ્પ્યુટર જેવું હતું. બધાની જન્મ તારીખો, કેસની મુદ્દતો, જૂના જજમેન્ટ, રજૂ કરેલા પૂરાવા; વકીલ ભૂલી જાય પણ મનસુખભાઈ ન ભૂલે ! મૂળ તો મનસુખભાઈ 'નવજવાન સંઘ'ના પાયાના સ્વયંસેવક હતાં. ૧૦ વર્ષની બાળ વયે સંઘના **હોલિ ડે હોમ માઉન્ટ આબુ**માં બાબાભાઈએ તેમની પસંદગી કરેલી. તેમના પિતા કાપડની ગાંસડીઓ ફેરવતા, માતા દુકાનોના પાણીના માટલા ભરે. અત્યંત કારમી ગરીબીમાંથી આવેલા મનસુખભાઈ, સંઘના સહારે ભણ્યા અને બહેરાં-મૂંગા શાળામાં કલાર્કની નોકરીમાં જોડાયા. રીટાયર્ડ થયા પછી પણ તેમની જરૂરત તો હતી, કારણ તો તેમની નિષ્ઠા અને આવડત.



આવા મનસુખભાઈ આજે આપણી વચ્ચે નથી. તેમને ત્રણ પુત્રો છે, એક સુરત અને બીજો રાજકોટમાં એસ્ટાબ્લિશ થયેલ છે. નાનો પુત્ર મનસુખભાઈના પત્નિ સાથે આનંદનગર, ભાવનગરમાં રહે છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

# વિકલાંગ મહિલા આવાસ રીપેરિંગ યોજના

વિકલાંગ મહિલા આવાસ રીપેરિંગ યોજના અંતર્ગત, શ્રીમતી ભારતીબેન હરેશભાઈ અજમેરા-USA અને શ્રીમતી ઉર્મિલાબેન અરૂણભાઈ કોઠારી-USA તરફથી દાન મળેલ, તે અંતર્ગત સાત વિકલાંગ બહેનોના મકાન રીપેરિંગના કામ શરું કરેલ છે.

સમાજમાં વિકલાંગ બહેનો મહામુશ્કેલીએ ઘર ચલાવતા હોય છે. તેઓ પોતાનું ઘર રીપેર કરવા અસમર્થ છે. તેવી પરિસ્થિતિમાં જે મકાનમાં આ બહેનો રહે છે, તેમાં વરસાદનું પાણી પડે છે, દિવાલો જર્જરિત હોય છે, સ્લેબમાં ગાબડા પડયા હોય છે, સંડાસ-બાથરૂમના રીપેરિંગની જરૂરિયાત હોય છે, તેનો રીપેરિંગ ખર્ચ તેઓ કરી શકે તેમ ન હોય, આવી પરિસ્થિતિને પહોંચી વળવા ઉપરોકત દાતાશ્રીઓ મદદરૂપ બનેલ છે.

**શ્રી વનિતાબેને કહ્યું કે, 'હું ખૂબ ધન્યતા અનુભવુ છું કે મને સુંદર સપનાનું ઘર બનાવી આપ્યું.'**

આ યોજના અંતર્ગત જે ત્રણ વિકલાંગ બહેનોના મકાનના રીપેરિંગ કામ પૂર્ણ થયેલ, તેનો અહેવાલ નીચે મુજબ છે.

**૧. શ્રી રૂકસાનાબેન સરવૈયા :**

શ્રી રૂકસાનાબેન સરવૈયા જે પગેથી ચાલી શકતા નથી અને સિવણનું પરચૂરણ કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેમના મકાનની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. સ્લેબમાંથી પોપડા પડતા હતા, કયારેક જીવનું પણ જોખમ હતું. તેમજ ઘરમાં વરસાદની સિઝનમાં પાણી પડતું હતું. તેમના મકાનમાં પ્લાસ્ટર, અગાશીમાં ધાબા લાદી, સ્લેબ નમે નહીં તે માટે ગડર મુકાવી, કલરકામ વિગેરે કરાવી આપેલ છે અને તેઓ ખૂબજ ખુશ થયેલ છે. શ્રી ધનવંતભાઈ અજમેરા જે દાતાશ્રીના ભાઈ છે, તેઓ ભાવનગર સંસ્થાની મુલાકાતે આવેલ ત્યારે આ મકાનની મુલાકાત લઈને કામનો સંતોષ વ્યકત કર્યો હતો.

**૨. શ્રી દિપ્તીબેન સરવૈયા :**

શ્રી દિપ્તીબેન સરવૈયા પોતે અપંગ છે, ઘરની આર્થિક પરિસ્થિતિ ખરાબ છે. તેમના મકાનમાં વરસાદની સિઝનમાં પાણી પડતું હતું, ઘરમાં સુવાની પણ અગવડતા પડતી હોય, દિવાલોમાં ભેજ આવતા ઈલેકટ્રિક લાઈનમાં કરંટ આવતો હતો, સંડાસનું બારણું તુટેલું હતું, આગળ ફળિયામાં વરસાદનું પાણી ભરાઈ જતું હતું. તેમજ દિવાલો જર્જરિત હતી. પુટ્ટી સાથે કલરકામ કરાવીને મકાનનું રીપેરિંગ કરાવી આપેલ. દાતાશ્રીઓનું દાન તેમને આશીર્વાદરૂપ બની ગયેલ છે.

**૩. શ્રી વનિતાબેન રમેશભાઈ પોરિયા :**

શ્રી વનિતાબેન રમેશભાઈ પોરિયા, જે અસ્થી વિષયકની વિકલાંગતા ધરાવે છે. તેમના મકાનમાં ફકત ઈંટનું ચણતર હતું. પ્લાસ્ટર ન હતું, છતમાંથી અને સંડાસ-બાથરૂમમાંથી પણ પાણી પડતું હતું, તેમને ખૂબ જ દુઃખ થતું હતું કે, 'અમે રીપેરિંગનો ખર્ચ કરી શકતા નથી.' તેમના મકાનમાં પ્લાસ્ટર અને કલરકામ કરાવી આપેલ, તેથી તેમને કહ્યું કે, 'હું ખૂબ ધન્યતા અનુભવુ છું કે મને સુંદર સપનાનું ઘર બનાવી આપ્યું.' ત્રણેય બહેનોએ શ્રી પી.એન.આર. અને અમેરિકા સ્થિત દાતાશ્રીઓ માટે આભારની લાગણી વ્યકત કરેલ.







## પી.એન.આર. હોસ્પિટલમાં આવેલ દાન

પી.એન.આર. હોસ્પિટલમાં દાતાશ્રી પ્રતિભાબેન પી. સંઘવી-મુંબઈ તરફથી આંખમાં ઝામરની તપાસ કરવા માટે ટોનોમીટર મશીન વસાવા ડોનેશન આવેલ. શ્રી મનોજભાઈ શાહ મારફત તા. ૧૯ નવે.'૨૨ ના રોજ, હોસ્પિટલના ચેરમેનશ્રી મહાસુખભાઈ જકડિયા અને ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાને રૂા. ૩.૫૦ લાખનો દાનનો ચેક અર્પણ કરેલ. શ્રી ચેતનભાઈ રાણા અને શ્રી યશભાઈ મહેતા આ પ્રસંગે ઉપસ્થિત રહેલ.

## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં

# “સતર્કતા જાગૃતતા સપ્તાહ”

ભાવનગર વિમાનક્ષેત્ર, ભારતીય વિમાનપત્તન પ્રાધિકરણ દ્વારા **“સતર્કતા જાગૃતતા સપ્તાહ-૨૦૨૨”** ની ઉજવણી વિશિષ્ટરૂપે કરવામાં આવી. જેમાં આપણી સંસ્થાના શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા બાળકોની શાળામાં બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. બાળકો પ્રત્યે સમાજનું કે સરકારી વિભાગનું શું યોગદાન હોય શકે તેનું દ્દષ્ટાંત પૂરું પાડયું છે.

ભાવનગર એરપોર્ટના આ કાર્ય માટેના નોડલ અધિકારી અને કોમર્શિયલય વિભાગના વડા શ્રી ભાવેશભાઈ ચાવડાએ સંસ્થાના વહિવટી અધિકારી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાના માધ્યમથી આપણી સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા સાહેબની રૂબરૂ મુલાકાત કરીને બે દિવસ શાળામાં બાળકો સાથે વિવિધ સ્પર્ધાઓ યોજવા વિનંતી કરેલ.

શ્રી પંડયા સાહેબે ખૂબ જ વ્યસ્ત સમયમાં ટૂંકા દિવસોમાં આવું આયોજન શકય ન હોવા છતાં, બાળકોમાં સતર્કતા જાગૃતિ લાવવા અને તેમને પ્રોત્સાહિત કરવા માટે ખૂબ જ સુંદર રીતે આયોજન કરી આપેલ. જેમાં પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ઈલાબેન મજમુદાર અને માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેના વિશિષ્ટ સહયોગથી નીચે પ્રમાણે વિવિધ સ્પર્ધાઓનું આયોજન પરિપૂર્ણ થયેલ.

૧. પ્રથમ દિવસે આર્ટ અને ક્રાફટ પ્રવૃત્તિ અંતર્ગત **“દિવાળી કાર્ડ બનાવવાની સ્પર્ધા”** નું આયોજન કરેલ. જેમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના કુલ ૭૦ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, બધા જ બાળકો દ્વારા ખૂબ જ સુંદર દિવાળી કાર્ડ બનાવેલ,જેમાંથી સર્વશ્રેષ્ઠ ત્રણ કાર્ડને પસંદ કરવામાં આવ્યા અને તેઓને પુરસ્કૃત કરવામાં આવ્યાં. આર્ટ અને ક્રાફટમાં પ્રથમ નંબર પરમાર બંસી, બીજો નંબર નિશા સોનગરા અને ત્રીજો નંબર મુકેશ કોટડિયાએ મેળવેલ.

૨. બીજા દિવસે **“રંગોળી સ્પર્ધા”** નું આયોજન કરેલ. જેમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાની કુલ ૩૦ બાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, બધી જ બાળાઓ દ્વારા ખૂબ જ સુંદર રંગોળી બનાવેલ, જેમાંથી સર્વશ્રેષ્ઠ ત્રણ રંગોળીને પસંદ કરવામાં આવી અને તેઓને પુરસ્કૃત કરવામાં આવેલ. રંગોળી સ્પર્ધામાં પ્રથમ નંબર બંસરી ધંધુકિયા, બીજો નંબર કાજલ ઢાપા અને



ત્રીજો નંબર સાક્ષિબા ગોહિલે મેળવેલ.

૩. શ્રી શાહ કે.એલ. ઈન્સ્ટિટયુટ ફોર ધ ડેફ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ માટે **‘ભ્રષ્ટાચાર મુક્ત ભારત’** વિષય પર વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં ૨૭ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, બધા જ તાલીમાર્થીઓ દ્વારા ખૂબ જ સુંદર વકતૃત્વ કૌશલ્ય રજૂ કરેલ. જેમાંથી સર્વશ્રેષ્ઠ ત્રણ સ્પર્ધકને પસંદ કરવામાં આવ્યાં અને તેઓને પુરસ્કૃત કરવામાં આવ્યાં. જેમાં પ્રથમ નંબર દિપક તનવર, બીજો નંબર મમતા કુમારી અને ત્રીજો નંબર શિવાની કુમારી વિજેતા થયેલ.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભારતીય વિમાનપત્તન પ્રાધિકરણ, ભાવનગર વિમાન ક્ષેત્રના વિમાનપત્તન નિદેશક શ્રી મનીષકુમાર અગ્રવાલ, સિવિલ પ્રભારી શ્રી મહેશભાઈ નાગાઉકર, સંચાર પ્રભારી શ્રી સિધ્ધાર્થ ત્રિપાઠી, એ.ટી.સી. પ્રભારી શ્રી આદિત્ય સિંઘ, એચ.આર. પ્રભારી શ્રી સનત ગવાંકર અને વાણિજ્ય પ્રભારી શ્રી ભાવેશ ચાવડા ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કરેલ.

આ **સતર્કતા જાગૃતતા સપ્તાહ**ના સમાપનમાં શાળાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાને ચીફ ગેસ્ટમાં આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. તેમાં વિમાનપત્તન પ્રાધિકરણના નિદેશક અને આપણી સંસ્થાના માનદ મંત્રીશ્રીએ પ્રસંગોચિત ઉદબોધન કરી, તમામ વિજેતા અને નિર્ણાયકોને ભેટ આપી પુરસ્કૃત કર્યા હતાં.



# નિવૃત્તિ શુભેચ્છા સમારંભ



તા. ૧૮ ઓક્ટો.'૨૨ ના રોજ શ્રી ખી.લ.બહેરાં-મૂંગા શાળા-પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ઈલાબહેનનો **નિવૃત્તિ શુભેચ્છા સમારંભ** યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રીઓ, વડીલો અને ઈલાબહેનના પરિવારજનો ઉપસ્થિત રહયાં હતાં. આ પ્રસંગે મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી અમિતભાઈ શાહે પ્રાસંગિક ઉદ્દબોધન કરી શ્રી ઈલાબેનને નિવૃત્તિ શુભેચ્છા પાઠવી હતી. તેમજ સંસ્થાના વડીલ શ્રી મફતભાઈ, મંત્રીશ્રી અશ્વિનભાઈ, શ્રી અમિતભાઈ અને શ્રી જીતુભાઈ શાહે ઈલાબેનનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. અત્રે ઉપસ્થિત સહકર્મચારીઓ અને શિક્ષકોએ ઈલાબેનને નિવૃત્તિની શુભેચ્છા પાઠવી હતી. આ સમયે શ્રી ઈલાબેને પોતાના ૩૭ વર્ષની શૈક્ષણિક કામગીરીનો પ્રતિભાવ આપ્યો હતો. અંતમાં કાર્યક્રમની આભારવિધિ આચાર્યશ્રી હર્ષાબેન આશરાએ કરી હતી.

# સરોવર પોર્ટિકો મુલાકાત



**"દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે,**
**સુખી જો સમજે પૂરું તો વિશ્વમાં દુઃખ નવ ટકે."**

સમાજનો સુખી વર્ગ પોતાના જ સમાજના અન્ય લોકોનું દુઃખ જોઈ દ્રવી ઉઠે અને તેના માટે કંઈક કરવા તૈયાર થાય તો વિશ્વમાં કયાંય દુઃખનું નામો નિશાન ન રહે. આ ઉક્તિને સત્ય ઠેરવતું એક ઉત્તમ ઉદાહરણ ભાવનગરના અગ્રણી ઔદ્યોગિક જૂથ લીલા ગ્રુપ દ્વારા સંચાલિત એફસી સરોવર પોર્ટિકો, ભાવનગર દ્વારા, સામાજિક જવાબદારીના ભાગ તરીકે **'કેક મિકસીંગ'** સેરીમનીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

જે સેરીમનીમાં લીલા ગ્રુપના ચેરમેન શ્રી કોમલકાંતભાઈ શર્મા અને હોટલના ડિરેકટરો શ્રી પૂર્ણિમાબેન શર્મા, શ્રી કનિકાબેન શર્મા અને શ્રી સોનીજીની પ્રેરક ઉપસ્થિતિ રહી. આ સેરીમનીમાં આપણી શાળામાંથી ૨૫ નાના બાળકો અને બે શિક્ષકો શ્રી અશોકભાઈ અને શ્રી યોગિતાબેન જોડાયા હતાં. તમામ બાળકોને કેક મિકસ કરવાની ખૂબ મજા આવી.

ત્યાનું ઈન્ફ્રાસ્ટકચર જોઈ નાના બાળકો ખૂબ ખુશ થયા અને હોટલ તરફથી તમામ બાળકોને નાસ્તો અને ગિફ્ટ આપવામાં આવી. આપણા બાળકો માટે કેક મિકસીંગ સેરીમની એક યાદગાર સેરીમની બની રહી.

# પી.આર. વાઘર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર

ઓકટોબર માસમાં લોકલ લેવલે કુલ ૨૧૫ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાંથી આશરે ૩૧૫ જેટલા લાભાર્થીઓને જુદા જુદા સાધનો જેવા કે, અડધા પગ-૨, ની-બ્રેસ-૨૧૧, સ્પાઈનલ ઓર્થોસિસ-૧૩, કેલિપર-૦૯, એ.એફ.ઓ.-૧૨, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૧ તથા ૫૭ જુદા જુદા સાધનો જેવા કે, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, રીપેરિંગ કામ વિગેરે પૂરાં પાડવામાં આવેલ હતાં. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ હતું. સંસ્થાના સિનિયર ડૉ. નાયક દ્વારા, ઓકટોબર માસમાં જલંધર મુકામે ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં ૧૬૮ જેટલી ની-બ્રેસ બનાવવામાં આવેલ. શ્રી વિપુલભાઈ જેઠવાએ ધનસુરા જિ. અરવલ્લીમાં ની-બ્રેસના બે કેમ્પ કરેલ. જેમાં ૬૭૧ ની-બ્રેસ બનાવેલ.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ તથા શ્રી પ્રતાપભાઈ શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



રાજેશભાઈ હકાણી

### ધનતેરસની ઉજવણી :

ધનતેરસના દિવસે શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે, આરોગ્યના દેવ શ્રી ભગવાન ધનવંતરીનું પૂજન કરવામાં આવ્યું. આમાં ડૉ. હર્ષાબેન મહેશ્વરી (આંખના સર્જન), ડૉ. વંદનાબહેન દેવમુરારી (દાંતના સર્જન) તથા એડિમનિસ્ટ્રેટર શ્રી ડૉ. સુનિલભાઈ મહેતા (PHD) તથા વૈદ તુષાર ત્રિવેદી (આરોગ્ય ભારતી) તથા ડૉ. ચિરાગ અંધારિયા (શંકુ હોસ્પિટલ, મહેસાણા) તથા હોસ્પિટલના સ્ટાફ દ્વારા ઉપસ્થિત રહી પૂજન કરવામાં આવેલ.



### એરબેગ વિતરણ :

માનનીય શ્રી રાજેશભાઈ હકાણી (ઉપપ્રમુખશ્રી, ભાવનગર નવજવાન સંઘ), તરફથી શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના કર્મચારીઓને તા. ૨૨ ઓકટો. ના રોજ એક **એરબેગ** આપીને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી.





# પી. એન. આર. હૉસ્પિટલ



મહાસુખભાઈ જકડિયા

**ઓકટોબર-'૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૯૬ | ૦૪ |
| આંખ | ૩૫૫ | ૧૦૫ |
| આંખની છારી | ૧૩ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૪૩ | ૦૩ |
| માઈનર પ્રોસિઝર | ૨૨૮ | - |
| ઓર્થોસ્કોપી | ૧૬ | ૦૧ |
| ઓર્થો ડેન્ટલ | ૧૦૦ | ૯૭ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૨૯૩ | - |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| એક્ષ-રે | ૪૦ | - |
| લેબોરેટરી | ૧૭૦ | ૫૪૯ (ટેસ્ટ) |
| ચામડી | ૨૩ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૫ | ૦૧ |
| આંખના પડદા | ૦૩ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૧૨ | ૦૫ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૨ | ૦૩ |
| રૂબેલા વેક્સિન | ૦૧ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૩૬** લાભાર્થીઓએ **રૂા. ૨,૯૨૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૦૭** દર્દીઓએ **રૂા. ૧,૦૫૦/-** ની સહાય મેળવેલ છે.



# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



વિભૂતિ વ્યાસ

## આંચકી સેમિનાર :




તા. ૧૮ ઓકટો. '૨૨ ના રોજ **આંચકી સેમિનાર**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. ધવલ સોલંકી (ચાઈલ્ડ ન્યૂરોલોજીસ્ટ) દ્વારા આંચકી એટલે શું ? અને વાલીઓને આંચકી વિશે મૂંજવતા પ્રશ્નોની વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી, જેમાં બહોળી સંખ્યામાં વાલીઓએ સેમિનારનો લાભ લીધો હતો.

## દિવાળી ઉજવણી :



તા. ૧૮ ઓકટો. '૨૨ ના રોજ **દિવાળી ઉજવણી** નટરાજ ઓડિટોરીયમ ખાતે કરવામાં આવી. જેમાં મુખ્ય અતિથિ તરીકે સિલ્વર બેલ્સ સ્કૂલના પ્રિન્સિપાલ તથા ટીમ અને વિદ્યાર્થીઓ દ્વારા, શાળાના બાળકોને ફટાકડા અને મિઠાઈ સાથે સુરક્ષિત અને આનંદમય દિવાળીની શુભકામના પાઠવવામાં આવી હતી.

## આંતરરાષ્ટ્રિય બાળ દિવસની ઉજવણી :

તા. ૧૪ નવે. '૨૨ ના રોજ **આંતરરાષ્ટ્રિય બાળ દિવસ**ની ઉજવણીનું



આયોજન નટરાજ ઓડિટોરીયમમાં કરવામાં આવ્યું હતું. જેમાં ફાતિમા કોન્વેન્ટ સ્કૂલના આચાર્ય તથા સ્ટાફની હાજરીમાં નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન.શાહ ઓટિઝમ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકોએ પોસ્ટર પ્રેઝન્ટેશન, સોંગ, ફેન્સી ડ્રેસ તથા અભિનય ગીત રજૂ કર્યા હતાં. સાથે સી.પી. ખેલમહાકુંભ સ્ટેટ ટુર્નામેન્ટમાં વિજેતા ૬ રમતવીરોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મેડલ, સર્ટિફીકેટ અને ટ્રેક શુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકી તથા સંચાલન શ્રી વિભૂતિબેન વ્યાસે કરેલ.

## અર્ધ વાર્ષિક વાલી મિટીંગ :

તા. ૧૮ ઓકટો. '૨૨ ના રોજ **અર્ધ વાર્ષિક વાલી મિટીંગ**નું નટરાજ ઓડિટોરીયમમાં આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં આગામી થનાર કાર્યક્રમોની માહિતી, બાળકોની વિકાસ ગાથા, વિવિધ શૈક્ષણિક મુદ્દાઓ વગેરેને આવરી લેવામાં આવ્યાં હતાં.

## શ્રધ્ધા સુમન :



તા. ૨૨ ઓકટો. '૨૨ ના રોજ સંસ્થાના કર્તવ્યનિષ્ઠ, સેવાભાવી, બાળકોના પ્રિય અને નિખાલસ વ્યક્તિત્વ ધરાવતા સ્વ. શ્રી તરલિકાબેન પ્રભુદાસભાઈ અગ્રાવતનું દુઃખદ અવસાન થયેલ. તેમની શ્રધ્ધા સુમન માટે પ્રાર્થના સભા રાખવામાં આવેલ. જેમાં સી.પી. સ્કૂલના બાળકો તથા સંસ્થા પરિવારે તેમના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવેલ.


**શ્રધ્ધાંજલિ**

**મોરબી ઝૂલતા પૂલની ગોઝારી દુર્ઘટનાએ સૌને હચમચાવી મુકયા છે, આ કરૂણાંતિકાનો ભોગ બનેલ મૃતકોના આત્માની પરમશાંતિ માટે શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા, ભાવનગર ખાતે ઉપસ્થિત તમામ કર્મચારીઓ દ્વારા મૌન પાળી, શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા દ્વારા ઉંડુ દુઃખ વ્યકત કરી મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. તેમજ ઈજાગ્રસ્તોનું સ્વાસ્થ્ય સારૂં રહે તે માટે પણ પ્રભુને પ્રાર્થના કરી હતી.**




# કે. એન. શાહ
# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

ધીરુભાઈ ધંધુકિયા



## નેશનલ ગેમ્સ અંતર્ગત રમતોત્સવ :



તા. ૮-૯ ના રોજ **નેશનલ ગેમ્સ અંતર્ગત રમતોત્સવ**નું આયોજન કરવામાં આવેલ. તેમાં ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંગીત-ખુરશી, ખો-ખો, રસ્સા ખેંચ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો. નોર્મલ બાળકો સાથે ડિસેબલ્ડ બાળકોએ પણ રમત રમી આનંદ માણ્યો હતો. સંગીત-ખુરશીમાં પ્રથમ નંબર ધો. ૧૨ આર્ટસની વિદ્યાર્થીની સોહલા ક્રિષ્ના, દ્વિતીય નંબર ધો. ૦૯ ની વિદ્યાર્થીની જાની દિશા, તૃતીય નંબર ધો. ૦૯ ની વિદ્યાર્થીની બારૈયા અંજલીએ પ્રાપ્ત કર્યો હતો. આ વિજેતાને પ્રોત્સાહિત કરવા માટે શ્રી દક્ષાબેન પંડયાના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના નેતૃત્વમાં, શ્રી જ્યોતિબેન મકવાણાએ કરેલ.

## ભારતમાં ચિત્તાના રીઈન્ટ્રોડકશન બાબતે વેબિનારઃ

તા. ૧૨-૯ ના રોજ ચિત્તાના સંરક્ષણ માટેનો કાર્યક્રમનું આયોજન કરેલ. તેમાં **ભારતમાં ચિત્તાના રીઈન્ટ્રોડકશન બાબતે એક ખાસ વેબિનાર**નું આયોજન કરેલ, તેમાં હાઈટેક સ્કૂલના ધો. ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. ચિત્તાની ઘટતી જતી વસ્તીને ધ્યાને રાખી આ વેબિનારનું આયોજન કરેલ. જેથી લોકોમાં ચિત્તાના સંરક્ષણ માટે જાગૃતિ લાવી શકાય તથા વિદ્યાર્થીઓને પણ પ્રોજેકટરમાં વીડિયો બતાવી ચિત્તાના સંરક્ષણ માટેના ઉપાયોથી માહિતગાર કરેલ, તેમજ ગીર ફાઉન્ડેશન દ્વારા ચિત્તાની મહત્વતા વિશે પણ જણાવવામાં આવેલ. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રી દક્ષાબેન પંડયા દ્વારા કરવામાં આવેલ.

## GKIQ ટેસ્ટ :

તા. ૧૧-૯ ના રોજ શાળામાં **GKIQ ટેસ્ટ** યોજવામાં આવેલ. આ જ ટેસ્ટ ધો. ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. વિદ્યાર્થીના **GK** માં વધારો થાય તેમજ યોગ્ય જ્ઞાન મળી રહે તે હેતુથી આ ટેસ્ટ યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં કુલ ૫૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## રંગોળી અને દીવડા મેકિંગ સ્પર્ધા :




તા. ૧૯-૧૦ ના રોજ રંગોળી અને દીવડા મેકિંગ સ્પર્ધા યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ સ્પર્ધામાં બાળકોએ પોતાની સર્જનશક્તિની મદદથી સુંદર-સુંદર આકૃતિમાં રંગપૂરણી કરી રંગોળી બનાવેલ, તેમજ માટીના દીવડાને પણ ડેકોરેશન કર્યા હતાં. આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીને પ્રથમ, દ્વિતીય, અને તૃતિય નંબરે ઈનામ આપી, પ્રોત્સાહન પૂરું પાડેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા તથા શિક્ષકો દ્વારા કરવામાં આવેલ.

## નવી રાષ્ટ્રિય શિક્ષણનીતિ અંતર્ગત મીટિંગ :

શાળામાં તા. ૦૯-૧૧ ના રોજ **નવી રાષ્ટ્રિય શિક્ષણનીતિ-૨૦૨૦** અંતર્ગત મીટિંગનું આયોજન કરવામાં આવેલ. નવી રાષ્ટ્રિય શિક્ષણનીતિમાં કયા ફેરફાર, તેમજ નવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ, પધ્ધતિની ચર્ચા કરવામાં આવેલ. આ મિટીંગમાં મુખ્ય અતિથિ તરીકે દક્ષિણામૂર્તિ બાલમંદિર વિભાગના આચાર્યશ્રી વિપુલભાઈ વ્યાસ ઉપસ્થિત રહીને, નવી શિક્ષણનીતિમાં થયેલ સુધારા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. તેમણે નવી શિક્ષણનીતિમાં બાળકોની ઈચ્છા, રસની પ્રવૃત્તિ, રમત-ગમત, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, બાળવાર્તા, અભિનય જેવી બાબતો કેન્દ્ર સ્થાને રાખીને અધ્યયન કાર્ય કરવાની, તેમજ વિદ્યાર્થીઓના ધોરણને તેની અધ્યયન ક્ષમતાને આધારે અધ્યયન કાર્ય કરવાની સમજ આપી, નવી શિક્ષણનીતિને લીધે થયેલ ફેરફારો અને નીતિ-નિયમોની ચર્ચા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શાળાના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ અને શિક્ષકો હાજર રહેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ



## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા

### 'વર્લ્ડ ફિઝીયોથેરાપી ડે' ઉજવણી :



તા. ૯ સપ્ટે.'૨૨ ના રોજ સંસ્થા દ્વારા 'વર્લ્ડ ફિઝીયોથેરાપી ડે' ની ઉજવણી કરવામાં આવેલ. જે નિમિત્તે સંસ્થા દ્વારા વાલીઓને પોતાના બાળકોની સમસ્યા તથા તેના સમાધાન વિશે માર્ગદર્શન આપવા માટે 'વર્લ્ડ ફિઝીયોથેરાપી ડે' નિમિત્તે સંસ્થાના ફિઝીયોથેરાપિસ્ટની પેનલ માટે કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક ફિઝીયોથેરાપિસ્ટે પી.પી.ટી. પ્રેઝન્ટેશન સાથે ભાગ લીધેલ. આ કોમ્પિટિશનમાં પ્રોજેકટના ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. ગ્રીવાબેન અંધારિયાએ દ્વિતીય સ્થાન અને ડૉ. યાત્રીબેન પટેલે તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

### વાલી મિટીંગ તથા નિરામયા માર્ગદર્શન સેમિનાર :

તા. ૨૪ સપ્ટે.'૨૨ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકોના વાલીઓની **વાલી મિટીંગ**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વાલીઓ સાથે સ્ટાફગણ દ્વારા તેમણે મૂંઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ **નિરામયા હેલ્થ પોલિસી સેમિનાર**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના શ્રી હિતેશભાઈ ઓઝા દ્વારા નિરામયા હેલ્થ પોલિસીમાં મળતા લાભો, જુદી-જુદી સારવારમાં મળતી રકમની લિમીટ, કલેઈમ કરવા માટે ભરવું પડતું કલેઈમ ફોર્મ, ભરવાની રીત, કલેઈમ ફોર્મ ભરીએ ત્યારે ધ્યાનમાં રાખવાના નિયમો, કલેઈમ ફોર્મ સાથે જોડવાના ડોકયુમેન્ટ, કલેઈમ પાસ થવામાં આવતી કવેરી અને તે કવેરી ન આવે તે માટે શું ધ્યાન રાખવું, નિરામયા પોલિસીનો કલેઈમ કરવાની ઓનલાઈન અને ઓફલાઈન પધ્ધતિઓ અંગે માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ નિરામયા હેલ્થ પોલિસી સેમિનારને સફળ બનાવવા માટે દિશા કમ વિકાસ પ્રોજેકટના કો-ઓર્ડિનેટર શ્રી અમિતભાઈ મિત્રા તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવેલ.

### એપિલેપ્સી અવેરનેસ માર્ગદર્શન સેમિનાર અને દિવાળી સેલિબ્રેશન :

તા. ૧૮ ઓકટો.'૨૨ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ સાથે સંકળાયેલ દરેક પ્રોજેકટ સાથે દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા **એપિલેપ્સી અવેરનેસ ડે** ની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે ડૉ. ધવલભાઈ સોલંકી (ન્યૂરો પીડિયાટ્રિશ્યન) નો એપિલેપ્સી અંગે વાલી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનાર બાદ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને ફટાકડા અને મિઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સ્લો-લર્નર પ્રોજેક્ટ

✍ રાજવી કક્કડ



## પેન્સિલ, રબ્બર, સંચા, ફૂટપટ્ટી સેટનું વિતરણ



PNR સોસાયટી ભાવનગર, તેમજ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન અમરેલી સંચાલિત, સ્લો-લર્નર પ્રોજેકટ અંતર્ગત PNR સોસાયટી, ભાવનગર તરફથી અમરેલી જિલ્લાના ખાણ-ખનીજ વિભાગમાં આવતાં ૮ ગામોની ૫૬ તાલુકાઓની ૮૭ શાળાઓમાં અભ્યાસ કરતાં ધો. ૧ થી ૮ ના ૨૪,૭૯૦ વિદ્યાર્થીઓને **પેન્સિલ, રબ્બર, સંચો, ફૂટપટ્ટીના સેટનું વિતરણ** કરવામાં આવ્યું હતું.



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ



✍ કૌશિક પરમાર




## અમેરિકા સ્થિત શ્રી અનુપમભાઈ શાહ અને મૈનકીબેનની મુલાકાત :



તા. ૧૦ નવે.’૨૨ ના રોજ, અમેરિકા સ્થિત શ્રી અનુપમભાઈ શાહ અને તેમના ધમર્પત્ની શ્રી મૈનકીબેન, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટની મુલાકાતે પધારેલ. વિભાગમાં વિકલાંગોને અપાતી વિનામૂલ્યે ઓફલાઈન તાલીમ, મોબાઈલ રીપેરિંગ, બેઝિક કોર્સ અને ઓનલાઈન અપાતી તાલીમનું નિદર્શન કરેલ. વિકલાંગોને તાલીમ ઉપરાંત, તાલીમ બાદ નોકરી વ્યવસાય માટે અપાતા માર્ગદર્શનની જાણકારી મેળવેલ. આ ઉપરાંત ભૂતપૂર્વ  વિકલાંગ તાલીમાર્થી અને હાલ કોમ્પ્યુટર ગ્રાફિકસ અને પ્રિન્ટીંગનો વ્યવસાય કરતા પ્રકાશ ચાવડાના ‘‘કશિશ ગ્રાફીકસ’’ સેન્ટરની રૂબરુ મુલાકાત કરેલ. તાલીમ લઈ રહેલા વિકલાંગ તાલીમાર્થીઓ, તેમજ  વ્યવસાય કરી રહેલ પ્રકાશભાઈ ચાવડાની મુલાકાત બાદ સંસ્થાની તેઓએ પ્રવૃત્તિની સરાહના કરેલ.

## તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત :

જે તાલીમાર્થીઓએ કોમ્પ્યુટરની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી હોય તેમને તા. ૧૦ નવે.’૨૨ ના રોજ પ્રમાણપત્રો એનાયત કરવાનો કાર્યક્રમ વિભાગમાં યોજાઈ ગયો. કાર્યક્રમમાં ૧૮૯ જેટલા તાલીમાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહેલ. અમેરિકા સ્થિત શ્રી અનુપમભાઈ શાહ, શ્રીમતી મૈનકીબેન, તેમજ સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ખજાનચી શ્રી એચ.પી.રાખશિયા, ટ્રસ્ટીશ્રી મહાસુખભાઈ ઝકડિયાના વરદ હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ. કોમ્પ્યુટરના કામને લગતી નોકરી મેળવવા માટે ‘વિકલાંગ તાલીમાર્થીઓને આ પ્રમાણપત્ર ખૂબ જ ઉપયોગી છે.

આ પ્રસંગે શ્રી કિરીટભાઈ રાઠોડે તેમના વકતવ્યમાં, ‘વિકલાંગો કોમ્પ્યુટરની તાલીમ વિનામૂલ્યે મેળવી શકે તે માટે સંસ્થા દ્વારા કરવામાં આવતા પ્રયત્નો, તેમજ પી.એન.આર. સોસાયટી દ્વારા વિકલાંગો માટે થતી પ્રવૃત્તિ અને સંસ્થામાં મળતી સુવિધાઓને લગતી સઘળી પ્રવૃત્તિઓ અંગે’ સરળ ભાષામાં રજુ કરેલ. કાર્યક્રમની સફળતામાં શ્રી સુકેતુભાઈ શાહ, શ્રી મેહુલભાઈ બુધેલિયા અને શ્રી ભાવિકાબેન રાજાઈનું મહત્વનું યોગદાન રહયું હતું.





# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



## "દ્વિતિય સમારંભ કાર્યક્રમ" :




શાળામાં તા. ૧૫ નવે. `૨૨ ના રોજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.કે. વ્યાસ સાહેબ શાળાના **"દ્વિતિય સમારંભ"** કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. તેઓશ્રીએ શાળાના વર્ગખંડમાં શિક્ષણ કાર્ય નિહાળ્યું. અને શ્રવણમંદ-દિવ્યાંગ વિદ્યાર્થીઓને ખૂબ જ લાગણી અને સંવેદના સાથે પ્રેરક માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતાં. સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, માધ્યમિકના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, પ્રાથમિકના આચાર્યશ્રી હર્ષાબહેન આશરા વગેરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ. માનનીય શ્રી વ્યાસ સાહેબે, આચાર્યશ્રી શૈલેષભાઈ અને શિક્ષકોની ટીમને ખૂબ સરસ શિક્ષણ કાર્ય માટે અભિનંદન પાઠવ્યાં હતાં. અને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ રસપૂર્વક નિહાળી, તેમજ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાને મદદરૂપ થવાની તત્પરતા દર્શાવેલ.

## વાલી મીટિંગ :



શાળામાં તા. ૧૯ ઓકટો. `૨૨ ના રોજ દિવાળી વેકેશન પૂર્વે વાલી મીટિંગનું આયોજન, માઈક્રોસાઈન કંપનીના CEO શ્રી નિશીથભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ મિટીંગમાં શ્રી રૂપાબહેન, સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ તથા અન્ય હોદ્દેદારો




શ્રી મફતભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી મહાસુખભાઈ, શ્રી અમિતભાઈ વગેરે ઉપસ્થિત રહેલ. શ્રી નિશીથભાઈ મહેતાએ દિવ્યાંગ લોકોને સ્વનિર્ભર બનવા માર્ગદર્શન આપેલ, તેમજ દિવ્યાંગ લોકોને માત્ર સહાનુભૂતિ નહીં પરંતુ તેમની વિશિષ્ટ શક્તિને ઓળખીને રોજગારી પૂરી પાડવાની ખાત્રી આપેલ. આ સાથે ધો. ૧૦ માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર પરમાર બંસી અને પડાળિયા હર્ષિલ, આ બે વિદ્યાર્થીઓને **"શ્રી જયંતભાઈ શાહ એવોર્ડ"** આપી શ્રી મહાસુખભાઈ જકડિયા અને શ્રી રૂપાબહેન શાહે સન્માનિત કરેલ. બોર્ડની પરીક્ષામાં ૧૦૦% પરીણામ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ, તેમજ શ્રી નિશીથભાઈ મહેતાએ આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને શિક્ષકોની ટીમને અભિનંદન પાઠવેલ અને સન્માનપત્રનું વાંચન કરવામાં આવેલ. શ્રી અશ્વિનભાઈએ વાલીઓને સંબોધન કરેલ. વૃંદાવન ખાતે યોજાયેલ **"અનામ પ્રેમ"** કાર્યક્રમમાં સમગ્ર ભારતમાંથી આવેલ શ્રવણમંદ બાળકોની હરીફાઈમાં વિવિધ સ્થાન પ્રાપ્ત કરવા બદલ વિવેક, જીગ્નેશ તથા ધાર્મિકને પુરસ્કૃત કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું તથા સંચાલન શ્રી વિશ્વાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું.



# "શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ" તથા "સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ"

✍ બિંદીબેન ત્રિવેદી






## "દિપાવલી પર્વ" નિમિત્તે હાલ યુ.એસ.એ. સ્થિત શ્રીમતી ભારતીબેન હરેશભાઈ અજમેરા, શ્રીમતી ઉર્મિલાબેન અરૂણભાઈ કોઠારી તથા શ્રીમતી જ્યોત્સનાબેન કિશોરભાઈ મહેતા તરફથી ૧૭૨ બહેરાં-મૂંગા લાભાર્થીઓને ભેટ

સંસ્થામાં ઓછી આવક ધરાવનાર જરૂરિયાતમંદ ૬૩ કર્મચારીઓને તથા ભાવનગરમાં રહેતા ૮૪ બહેરાં-મૂંગા લાભાર્થી કુટુંબ તથા તેના બાળકોને "દિપાવલી કીટ" નું વિતરણ કરવામાં આવેલ. જેમાં દરેક લાભાર્થીને ૫ કિ. ખાંડ, ચોળાફળી, મઠિયા, ફાફડા, રવો ૧ કિ., મેંદો ૧ કિ., બેસન ૧ કિ., મીઠાઈ, ફરસાણ આપવામાં આવેલ. આ ઉપરાંત દરેક બહેરાં-મૂંગા ભાઈઓને ૧ જોડી શર્ટ-પેન્ટ, બહેનોને સાડી તથા ડ્રેસ મટીરીયલ અને નાના બાળકોને પણ ૧ જોડી કપડાં આપવામાં આવેલ. આ વિતરણમાં શ્રી સોનલબેન પ્રણવભાઈ મહેતા (હાલ સિંગાપુર) તથા શ્રી ચિરાગભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી ઈનરવ્હીલ કલબ ઓફ ભાવનગર તરફથી ખૂબ સારો સહયોગ મળેલ, જે માટે સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. આ બંને યોજના શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી સફળતાપૂર્વક સંચાલન કરે છે. વિતરણ પ્રસંગે શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી મીતાબેન ઓઝા, શ્રી ચિરાગભાઈ પટેલનું ફેમિલી તથા ઈનરવ્હીલ કલબ ઓફ ભાવનગરના પ્રમુખ તથા સભ્યોની હાજરી પ્રોત્સાહક રહી હતી.



આર્થિક રીતે નબળા ૧૭૨ બહેરાં-મૂંગા લાભાર્થી ભાઈઓ-બહેનોને તથા ૨૩ નાના બાળકો, જેઓ ૧૦ વર્ષથી નીચેના હોય તે દરેકને ૧ જોડી નવા કપડા, ૧૭૨ લાભાર્થીઓને નવા કપડા ઉપરાંત દરેકને ૧૩૦૦ ગ્રામ વજનનો બ્લેન્કેટ, સોલ્હાપુરી ચાદર, ભાગલપુરી શાલ અને દરેકને ૧ કિ. ખાંડ આપવામાં આવેલ છે, જે માટે સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. આ માટે શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ જહેમત લીધેલ.








### શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત

## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ

## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ સંતોષ યાદવ



### વડાપ્રધાન શ્રીની ભાવનગર મુલાકાત :

તા. ૨૯ સપ્ટે. ૨૨ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ અને શિક્ષકોએ જવાહર મેદાનમાં જઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના સંબોધનનો લ્હાવો લીધેલ.

### નવરાત્રી ઉત્સવ :

તા. ૩૦ સપ્ટે. થી ૨ ઓકટો. છાત્રાલયમાં **નવરાત્રી ઉત્સવ** આયોજનમાં કોલેજના તાલીમાર્થીઓએ વિવિધ પ્રકારની કામગીરી બજાવેલ જેવી કે એન્ટ્રી પાસ ચેકિંગ, ફોટોગ્રાફી, નાસ્તા વ્યવસ્થા વગેરે તેમજ રાસ-ગરબા રમીને નવરાત્રીનો આનંદ માણેલ.

### રક્ષાબેન દવે એવોર્ડ પારિતોષિત-વિદાય સમારોહ :



આ વર્ષે પણ તા. ૮ ઓકટો. ના રોજ મહાવીર ઓડિટોરિયમમાં બી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ) ૨૦૨૦-૨૦૨૨ બેચના તાલીમાર્થીઓનો સન્માન સમારોહ યોજાય ગયો. જેમાં પ્રથમ ક્રમે સત્પાલ યાદવ (૮૧.૭૬%) અને દ્વિતીય ક્રમે ઉષા કુમારી (૭૭.૦૮%) ને શ્રી ડૉ. રક્ષાબહેન દવે પારિતોષિક એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. તેમજ ડી.એડ. સ્પે. એજયુ. (એચ.આઈ.) ૨૦૨૦-૨૦૨૨ ની બેચના તાલીમાર્થીઓનો વિદાય સમારોહ યોજાઈ ગયો. જેમાં વિદાય લઈ રહેલા તાલીમાર્થીઓને સંસ્થા તરફથી શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમમાં સંસ્થાના માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ઈલાબેન મજમુદાર, માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે ઉપસ્થિત રહેલ. વિદાય લઈ રહેલ. તાલીમાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી અજીતકુમાર અને શ્રી દયાબેન વકાણીએ દ્વારા કરેલ.

### સર્ટિફીકેટ :

આચાર્ય શ્રી સંતોષભાઈ યાદવને Rehabilitation Council of India (RCI) દ્વારા **"Good Standing (Out Standing)"** સર્ટિફીકેટ મળેલ છે. તે બદલ શુભેચ્છા.

આચાર્યશ્રી ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા નીચે મુજબ વિવિધ **CRE** માં રિસોર્સ પર્સન તરીકે વિવિધ લેકચર લીધેલ જેમાં...

૧. **અમર જયોતિ ફાઉન્ડેશન ફોર મલ્ટીપલ ડિસેબિલિટી ચિલ્ડ્રન** હરિયાણામાં **"Introduction To Behavier"** વિષય પર.

૨. **આગ્રા ડેફ એજયુકેશન ફાઉન્ડેશન**, આગ્રામાં **"Methods of Teaching Language"** વિષય પર.

૩. **"યશ સ્પેશ્યલ ટિચર્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટયુટ"** વાસીમ, મહારાષ્ટ્રમાં **"Assessment of Hearing Impairment"** વિષય પર.

૪. બાબા સુદરસિંહ શિક્ષા સમિતિ બહેરાઈચમાં **"Approach And Stratagies of CBR"** વિષય પર.

૫. સી.આર.સી. રાંચીમાં **"UNCRPD અને ભારતીય પરિપેક્ષમાં તેનું મહત્વ"** વિષય પર.

૬. સમર્પણ બધિર વિદ્યાલયમાં **"યુઝ ઓફ ટેકનોલોજી એન્ડ ડેવલપમેન્ટ ઓફ ટિચીંગ લર્નિંગ મટિરીયલ"** વિષય પર.

૭. "INTIGRETED INSTITUTE OF REHABILITATION FOR THE DISABLE (IIRD)" આગ્રામાં **"બેઝિક પ્રિન્સિપલ ઓફ સીબીઆર"** વિષય પર.

૮. સી.આર.ઈ. લખનઉમાં **"પેડાગોગીકલ સ્ટ્રેટેજિસ ફોર લર્નિંગ ઈન એન ઈન્કલુઝિવ સ્કૂલ એન્વાયરમેન્ટ"** વિષય પર.

૯. સી.પી. સ્કૂલમાં તા. ૨૫-૮ ના રોજ **શ્રવણમંદતા** વિષય પર, વ્યાખ્યાન આપવામાં આવેલ.

પ્રાધ્યાપક શ્રી અજીતભાઈએ તા. ૨૨-૮ ના રોજ **"Recognitiin of Mental Health Issues in School Set Up"** વિષય પર સોસાયટી ફોર કોમ્યુનિટી ડેવલપમેન્ટ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ સ્કૂલ રેવા, મધ્યપ્રદેશમાં રિસોર્સ પર્સન તરીકે વ્યાખ્યાન આપેલ.



**વક્તૃત્વ સ્પર્ધા :**

- સતર્કતા જાગૃતતા વીક અંતર્ગત એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ભાવનગર દ્વારા તા. ૧૮ ઓકટો.`૨૨ ના રોજ વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલ. જેમાં બી.એડ. અને ડિપ્લોમાંના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. જેમાં પ્રથમ ક્રમાંકે શ્રી દિપક તનવર અને બીજા ક્રમાંકે શ્રી મમતા કુમારી અને ત્રીજા ક્રમાંકે શ્રી શિવાની કુમારી વિજેતા થયેલ. જેમને એરપોર્ટ ઓથોરીટી દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. તેમજ કોલેજ તરફથી પણ પ્રથમ સુમેરદાન, દ્વિતીય હરપ્રિત કૌર અને તૃતિય સંગીતા નેહરાને પ્રોત્સાહિત કરવામાં આવેલ.
- તા. ૨૧ ઓકટો.`૨૨ ના રોજ CIET NCERT દ્વારા ISL ને સ્ટાન્ડર્ડાઈઝ (માનકીકૃત) કરવા માટે વર્ચ્યુઅલ મોડથી એક મીટિંગ કરવામાં આવેલ. જેમાં ભારતના અલગ-અલગ રાજ્યના બધિરો સાથે કામ કરતા વિદ્યાલયોના પ્રતિનિધિઓ માટે એક ઓરિએન્ટેશન કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં કે.એલ. ઈન્સ્ટિટયુટ ફોર ધ ડેફ તરફથી ડૉ. સંતોષભાઈ યાદવે ભાગ લીધેલ.
- બી.એસ.પાલ બાલિકા ડિગ્રી કોલેજ, લખનઉ દ્વારા ત્રણ દિવસીય ઓનલાઈન સી.આર.ઈ. કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં તા. ૨૭ ઓકટો.`૨૨ ના રોજ **ટોટલ કમ્યુનિકેશન સાઈન લેંગવેજ** અને **સાઈન સિસ્ટમ** તફાવત ઉપર શ્રી અજિતભાઈએ વ્યાખ્યાન આપેલ. તેમજ તા. ૨૮ ઓકટો.`૨૨ ના રોજ રિસોર્સ પર્સન તરીકે ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા **બેઝિક લેંગવેજ કમ્પિટન્સી** વિષય ઉપર લેકચર લેવામાં આવેલ.

# ‘વિશ્વ દ્રષ્ટિ દિવસ’નો સંદેશ “સફેદ લાકડીનું સન્માન કરો.”

**વિશ્વ દ્રષ્ટિ દિવસ** એ જાગતાને જાગ્રત કરવાનો આંતરરાષ્ટ્રિય દિવસ છે, જે દર વર્ષે ઓકટોબરના બીજા ગુરૂવારે યોજાય છે. એ વૈશ્વિક ઘટના છે જેનો ઉદ્દેશ અંધત્વ અને દ્રષ્ટિની ખામી પર ધ્યાન દોરવાનો છે. આ વર્ષે વિશ્વ દ્રષ્ટિ દિવસ તા. ૧૩ ઓકટો.`૨૨ ના રોજ હતો. ૨૦૨૧ના આ ખાસ દિવસની થીમ હતી. **‘લવ યોર આઈસ’** તમારી આંખોને પ્રેમ કરો. વિશ્વ દ્રષ્ટિ દિવસ તમારા માટે રિમાઈન્ડર છે. તમને તમારી આંખના સ્વાસ્થ્યના મહત્વ વિશે અને તમે તેને કેવી રીતે સુરક્ષિત રાખી શકો અને તેને ભવિષ્યમાં લાંબા સમય સુધી સ્વસ્થ રાખી શકો. પરંતુ આપણા માટે તો હવે આંખ બગાડવાનુ એકદમ નાનકડું, હાથ વગું સાધન પ્રાપ્ત છે - **મોબાઈલ**. દ્રષ્ટિની સાચવણી માટે થાય એટલા પ્રયત્ન કરવા જોઈએ. કેમ કે દ્રષ્ટિ છે તો દુનિયા છે. દ્રષ્ટિ વગરના લાખો લોકો છે આ વિશ્વમાં. આવા કમનસીબ લોકોની વહારે આવે છે એક લાકડી, સફેદ લાકડી. તમે અંધ વ્યક્તિઓને એક જ પ્રકારની, એક રંગની લાકડીના સહારે ચાલતા અને રસ્તો શોધતા જોતા જ હશો. ૧૯૩૦ના દાયકામાં દ્રષ્ટિહીન રાહદારીઓને સ્વતંત્ર રીતે મુસાફરી કરવામાં મદદ કરવાના ઉપાય તરીકે **સફેદ લાકડી** પ્રસ્તુત કરવામાં આવી હતી. લાકડીના નીચેના ભાગમાં કરવામાં આવતો લાલ કલર વૈકલ્પિક છે. અનિવાર્ય નથી. અનિવાર્ય ફકત સફેદ રંગ છે. તેનાથી વાહનચાલકોને પણ સફેદ લાકડીનો ઉપયોગ કરતા લોકોને ઓળખવામાં અને તેમને રસ્તો આપવામાં મદદ મળી. તે સમયથી યુનાઈટેડ સ્ટેટસમાં કાયદા દ્વારા તેમનો ઉપયોગ સુરક્ષિત છે. ‘વ્હાઈટ કેન સેફટી ડે’ ૧૫ ઓકટો. ૧૯૬૪ માં પ્રમુખ લિન્ડન બી. જોહન્સન દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસરૂપે સ્થાપના કરવામાં આવી હતી. વ્યક્તિને મુકતપણે ફરવા માટે સક્ષમ બનાવે છે અને રોજિંદા કાર્યોને પૂર્ણ કરવામાં મદદ કરે છે. અંધ લોકો તેમની આસપાસના વાતાવરણને સમજવા માટે તેમની શ્રવણશક્તિ અને સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ કરે છે. તે તેમને પરિસ્થિતિ, દિશાઓ, અવરોધોનું મૂલ્યાંકન કરવામાં અને કોઈ પણ ખચકાટ વિના ઝડપથી નિણર્ય લેવામાં મદદ કરે છે. આ સાધન વ્યકિતને તેના જીવનમાં લગભગ બધી જ મુશ્કેલી વિના કરવામાં સક્ષમ બનાવે છે. જો તમે ચાલતા હોવ, વાહન ચલાવતા હોવ અને તમને સફેદ લાકડીના સહારે ચાલતી કોઈ વ્યક્તિ નજરે પડે તો શું કરવું જોઈએ ? સ્વભાવિક છે, તેઓ તમને જોઈ શકતા નથી. તમે જ એમને જોઈ શકો છો, માટે તેમની સહાયાર્થે જે થઈ શકે તે કરવું જોઈએ. તમારા વાહનને ઓછામાં ઓછા ૫ ફૂટ દૂરથી રોકો. ક્રોસવોક પરથી, જેઓ દ્રષ્ટિહીન છે અથવા અંધ છે તેઓ ક્રોસવોકની સીમાઓ શોધવા માટે તમારા એન્જિનના અવાજનો ઉપયોગ કરી શકે છે. જો તમારા વાહનનો કોઈ પણ ભાગ ક્રોસવોકમાં હોય, તો તેઓ સુરક્ષિત વિસ્તારનો ખોટો અંદાજ લગાવી શકે છે. સફેદ લાકડીનો ઉપયોગ કરતી વ્યક્તિઓ પર હોર્ન મારવાનું ટાળો. તેઓને ખબર નથી હોતી કે તમે શા માટે હોર્ન વગાડો છો. જો તેમને સહાયની જરૂર હોય તો પૂછવું ઠીક છે, પરંતુ મદદ કરવાનો પ્રયાસ કરતા પહેલા અંધ અથવા દ્રષ્ટિહીન વ્યક્તિને પરવાનગી માટે પૂછો. જો વ્યક્તિ તમને માર્ગદર્શન આપવા માટે મદદ કરવા કહે, તો તમારો હાથ આપો. તમારા માર્ગને અનુસરવા માટે તેઓ તમારા હાથને કોણીની ઉપર જ પકડી રાખશે. આવા લોકોને અવશ્ય મદદ કરો. આમ કરવાથી ભલે આપણો સમય જાય, પણ તે વ્યક્તિ સહીસલામત માર્ગ પાર કરી શકશે. એને માટે આ વાતનું ઘણું મહત્વ હોય છે. અલબત્ત આ વસ્તુ દરેક જરૂરિયાતવાળા લોકો માટે લાગુ પડે છે. એ લોકો કોઈ મદદની આશા રાખે તો કરી દેવી, એ મદદ તેમને માટે ખૂબ મહામૂલી હોય છે. આ સફેદ લાકડીનું સન્માન કરવાની સૌની માનવીય ફરજ છે.

**(સૌ. : સંદેશ)**



# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા

✍ નેહલ ગઢવી



## દિપાવલી પર્વ - કાર્યક્રમ :




તા. ૨૦ ઓક્ટો.'૨૨ ના રોજ શાળામાં દિપાવલી પર્વ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં અતિથિ વિશેષ પદે શ્રી જીતુભાઈ ઉપાધ્યાય (ચેરમેનશ્રી, ભાવનગર નાગરિક સહકારી બેંક), શ્રી નિમેષભાઈ જે. દેસાઈ (જીતુભાઈ ફટાકડાવાળા), શ્રી પરાગભાઈ કે. મણિયાર ઉપસ્થિત રહેલ. તેમજ દર વર્ષની માફક આ વર્ષે પણ જીતુભાઈ ફટાકડાવાળા તરફથી શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને ફટાકડા આપી દિપાવલી પર્વની શુભેચ્છા પાઠવવામાં આવેલ. તેમજ જયોતિકાબેન (યુ.એસ.એ.) તરફથી દરેક બાળકોને એક જોડી કપડા આપવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફ પરિવાર તથા બાળકો ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે સંસ્થાના યુ.એસ.એ. સ્થિત દાતાશ્રી શ્રી મુકેશભાઈ પટેલ તરફથી સ્ટાફ તથા બાળકો માટે જમણવારનું આયોજન કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના સંકલન હેઠળ સુંદર રીતે સંપન્ન થયેલ.

## વલ્લભ યુથ ઓર્ગેનાઈજેશનના કાર્યક્રમમાં શાળાના બાળકોની સાંસ્કૃતિક કૃતિ :

તા. ૦૬ નવે.'૨૨ ના રોજ ગોંડલ તાલુકાના ચોરડી ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઈજેશન (VYO) દ્વારા વિરાટ વૈષ્ણવ મહાસંમેલન તથા




શ્રી કૃષ્ણ સંસ્કાર વર્લ્ડના ખાતમુહુર્તનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકો દ્વારા ૭૫,૦૦૦ લોકોની ઉપસ્થિતિમાં વિશાળ સ્ટેજ પર દેશભક્તિના ગીત ઉપર સુંદર **સાંસ્કૃતિક કૃતિ** રજૂ કરી, હાજર લોકોની સરાહના મેળવેલ. આ પ્રસંગે શાળાના બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓ જેવી કે તોરણ, હેગિંગ, શોપિંગ બેગ, કેન્ડલ વિગેરેના પ્રદર્શન કમ વેચાણનું આયોજન કરવામાં આવેલ, જેનો સુંદર પ્રતિસાદ મળેલ.

## 'ભાનુવાડી' વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર :

શાળા સંચાલિત 'ભાનુવાડી' વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં મંદબુધ્ધિ બાળકો નિર્મિત વિવિધ આકર્ષક મીણબત્તી, તોરણ, કુશન કવર, શોપિંગ બેગ વિગેરે વસ્તુઓનું ભાવનગર શહેરના વિવિધ સ્થળોએ **એક્ઝિબિશન કમ સેલ**નું આયોજન કરવામાં આવેલ. તેમજ ઓનલાઈન વેચાણ પણ કરવામાં આવેલ, જેમાં લોકોનો સારો એવો સહયોગ મળેલ.

## ડૉક્ટર્સે જન્મ સમયે જ કહ્યું હતું કે, 'હેલી ચાલી નહીં શકે', ૬ નેશનલ રેકોર્ડ બનાવ્યા છે, ૨૦૨૮ પેરાલિમ્પિક લક્ષ્યાંક

હેલી મેક્કોમ્બેસ ઓસ્ટ્રેલિયાની યુવા એથ્લિટ છે. તે માત્ર ૧૦ વર્ષની છે અને પોતાના કરિયરમાં અત્યાર સુધીમાં જ ઘણા મેડલ જીત ચુકી છે. પરંતુ તે અન્ય એથ્લિટ કરતા ઘણી અલગ છે. ડૉક્ટર્સે હેલીના જન્મ સમયે જ માતા-પિતાને જણાવ્યું હતું કે 'તેમની દીકરી ક્યારેય ચાલી નહીં શકે.' હેલીને જન્મથી જ સ્પાઈના બિફિડા બીમારી હતી. સ્પાઈના બિફિડા એક એવી સ્થિતિ છે, જેમાં કરોડરજ્જુ ગર્ભમાં વિકસિત થયું હોતું નથી. આ બિમારીને કારણે હેલી પોતાની કમર અને નીચેના ભાગમાં કંઈ જ અનુભવી શકતી નથી. હેલીની માતા ક્રિસ્ટીન મેક્કોમ્બેસે જણાવ્યું કે, હેલીના જન્મ સમયે ડૉક્ટર્સે તે ચાલી નહીં શકે તે જણાવ્યું હતું. જો કે આજે હેલી જે કરવું હોય તે કરી શકે છે. હેલીને દોડવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. દોડતા સમયે બંને પગ સાથે સંતુલન જાળવવું તેની માટે મોટો પડકાર હોય છે. હેલીએ હાલમાં જ ક્વિન્સલેન્ડની ઓલ સ્કૂલ ટ્રાયથ્લોન ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો. હેલીને દોડવું ગમે છે હેલીના નામે ૧૦૦, ૨૦૦, ૩૦૦, ૪૦૦, ૮૦૦ અને ૧૫૦૦ મીટરની રેસમાં નેશનલ રેકોર્ડ છે. "મારો લક્ષ્યાંક ૨૦૨૮ પેરાલિમ્પિકમાં ભાગ લેવાનો છે ૨૦૨૮ પેરાલિમ્પિકમાં એથ્લિટ કેટેગરી ના હોવાથી, તે ટેનિસ અને ટ્રાયથ્લોનમાં ભાગ લેશે." **સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર**

# દિવ્યાંગો માટે દવાઓ ઉપરાંત તકનીકી મદદ પણ આવશ્યક છે

સરકાર દ્વારા આરોગ્ય સેવાઓને સઘન બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે અને દવાઓ તથા સારવાર લોકો સુધી પહોંચાડવામાં પણ આવી રહી છે. પરંતુ દવાઓ ઉપરાંત તકનીકી મદદ પણ આવશ્યક છે. ખાસ કરીને દિવ્યાંગો અને ઓટિઝમ જેવી બીમારી ધરાવતા બાળકો માટે તકનીકી મદદ અનિવાર્ય હોય છે. જો આ દિશામાં આગળ વધવામાં આવે તો એક મહત્વનું પગલું ગણાશે. નોધવું રહે કે, ભારત સરકાર દિવ્યાંગોના સશક્તીકરણ માટે બુનીયાદી માળખાને વધુ મજબૂત કરવાના પ્રયાસ કરી રહે છે અને તે સમાનતા, પહોંચ અને અવસરો પર ભાર મૂકી રહી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુનિસેફે પણ દિવ્યાંગતાને આરોગ્ય, માનવાધિકાર અને વિકાસની પ્રાથમિક્તાઓના પરિપ્રેક્ષ્યમાં જોવાની જરૂરિયાત વ્યક્ત કરી રહી છે. આ અંગેનું જે.એન.યુ., નવી દિલ્હીના પ્રોફેસર ડો.રાજીવદાસ ગુપ્તાએ પોતાની એક કોલમમાં વિસ્તૃત છણાવટ સાથે વાત કરી છે કે, સમાનતા, પહોંચ અને અવસરો એટલે 'એટી' એક એક વ્યાપક પદ કે અમ્બ્રેલા ટર્મ છે. જેમાં સહાયક ઉત્પાદન અને સેવાઓ પ્રદાન કરવાની પ્રણાલીઓ સામેલ છે. જેમાં હિયરિંગ એડ, વ્હીલચેર્સ વિગેરે. આ સંજોગોમાં આરોગ્ય પ્રણાલી પર એ વાતની અને ડાયાબિટીસ માટે મેરેપ્યુટિક ફૂટવેર જેવી યુક્તિઓ અને ઉત્પાદનોની વ્યાપક રેન્જ સામેલ છે. થોડા ઓછા ઓળખાતા ઉદાહરણોમાં **મોટી કી** કે વિશેષ માઉસ ધરાવતા કી બોર્ડ સામેલ કરી શકાય છે. જેનો ઉપયોગ એવા લોકો દ્વારા કમ્પ્યૂટર ચલાવવામાં કરી શકાય છે. જેમના હાથ સારી રીતે કામ કરી શકતા નથી. તેમાં જ દ્રષ્ટિહીન માટે એક કમ્પ્યુટરજનિત અવાજમાં, સ્ક્રીન પર લીધેલી ટેક્સ્ટ વાંચતું સોફ્ટવેર ઉમેરી દો અથવા તો જેમને સાંભળવામાં તકલીફ છે તેમના માટે ટેક્સ્ટ ટેલિફોન નામની ડિવાઈસ જોડી શકાય. આ સહાયક તકનીકોની જરૂર દિવ્યાંગોની સાથે સાથે વૃધ્ધ, ડાયાબિટીસ કે સ્ટ્રોકના દર્દી અને ઓટિઝમ જેવી બીમારીઓથી પીડિત વ્યક્તિને પણ હોય છે. તેઓ ઉમેરે છે કે, તાજેતરના અનુમાન અનુસાર દુનિયાના દર ત્રણમાંથી એક વ્યક્તિને બીમારી કે ઈજાના ઈલાજ દરમિયાન કયારેક વિશેષ ઉપકરણોની જરૂર પડે છે. યુનિસેફનો ગ્રેટ રિપોર્ટ ૨૦ દેશમાં થયેલા સર્વેક્ષણ પર આધારિત છે, જે જણાવે છે કે જ્યાં ૭૦ ટકા લોકો આજે ઓછામાં ઓછી એક સિસ્ટિવ પ્રોડક્ટનો ઉપયોગ કરી રહ્યા છે. ભારતમાં દિવ્યાંગ અધિકાર કાયદાનું જાહેરનામું બહાર પાડ્યા પછી વર્ષ ૨૦૧૬ માં રાષ્ટ્રીય આંકડાકિય કચેરી દ્વારા એક સર્વે હાથ ધરાયો હતો. જેમાં જોવા મળ્યું કે ૨.૨ ટકા લોકો દિવ્યાંગોની શ્રેણીમાં આવે છે. તેમાં પણ ૨૧.૮ ટકા એવા હતા, જેમને સરકારી મદદ મળી છે. જ્યારે ૧.૮ ટકા બિનસરકારી સંસ્થાઓ પાસેથી મદદ મેળવી રહ્યા હતા. ૭૦ ટકા દિવ્યાંગ એવા છે, જેમની ઉપકરણોની જરૂરિયાત પૂરી થતી નથી. ભારત સામે મોટા પડકારો છે. ત્રણ મુખ્ય અવરોધ નાણાકીય, ડિઝાઈન સંબંધિત અને આરોગ્ય તંત્રમાં સહાયક તકનીકની સમાવેશના છે. તેના માટે સહાયક તકનીકોનું ઉત્પાદન વધારવાની સાથે લાંબાગાળે આરોગ્ય સેવાઓમાં તેમના સમાવેશને મહત્વપૂર્ણ નીતિ તરીકે સ્થાપિત કરવું પડશે. જે સરકાર, તબીબો અને ઉદ્યોગ સાહસિકોના સહયોગ વગર શક્ય નથી. વર્તમાન માળખામાં સહાયક તકનીકોના સમાવેશ વગર આરોગ્ય સંબંધિત પ્રયાસો મર્યાદિત રહેશે. ચેટ રિપોર્ટ મહત્વનું સિમાચિહ્ન છે. ઘરેલું ડિઝાઈનિંગ અને ઉત્પાદન ક્ષમતાનો વિકાસ થાય, તો ભારત જરૂરિયાતો પૂરી કરવા માટે લાંબી મજલ કાપી શકે છે. સાથે જ વૈશ્વિક બજારમાં પણ યોગદાન આપી શકે છે.

## દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ

### MP ના ખેલાડીનું ગૌરવ, ડેફ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો

**MP** સ્ટેટ એકેડેમીની ૧૫ વર્ષની ખેલાડી ગૌરાંશી શર્માએ બ્રાઝિલમાં આયોજિત ડેફ ઓલિમ્પિકની ટીમઈવેન્ટ બેડમિંટનમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.

અહીં જણાવી દઈએ કે ગૌરાંશીના માતા-પિતા પણ બહેરા છે, પરંતુ તેઓએ તેને કયારેય ગૌરાંશીના સપનાના માર્ગમાં અડચણ ન બનવા દીધી.

**- સૌજન્ય : વિકલાંગ મંચ**



સી.પી. સ્કૂલમાં બાલદિન

# સિંગાપોર દિવ્યાંગો માટે દુનિયાનો સૌથી સુવિધાજનક દેશ બનશે

## દિવ્યાંગો માટે ૨૦૩૦ સુધીનો રોડમેપ જારી

સિંગાપોર ૨૦૩૦ સુધીમાં દિવ્યાંગો માટે સૌથી સુવિધાજનક દેશ બનશે. તેઓએ દિવ્યાંગો માટે વિવિધ સુવિધા વધારવા એક રોડમેપ જારી કર્યો છે, જેમાં રોજગારી, શિક્ષણ અને દેખભાળ તથા જાહેર સ્થળોએ તેમની જરૂરિયાતો પુરી કરવા સહિત અનેક સૂચનો કરાયા છે. તેમાં ૪૦% દિવ્યાંગોને પણ નોકરી, અભ્યાસમાં છૂટ સહિતની સુવિધા આપવાનો પ્રસ્તાવ કરાયો છે. પ્રજ્ઞાચક્ષુ માટે રસ્તો પાર કરવા દરેક ચાર રસ્તે **ઓડિયો સિગ્નલ સિસ્ટમ ઓન ડિમાન્ડ** ઉપલબ્ધ કરાશે. સિંગાપોરમાં ડાયવર્સિટી, ઈક્વિટી એન્ડ ઈન્કલુઝન કલાયન્ટ સોલ્યુશનના મેનેજર એલિસ્ટર ઑંગ, સેરેબ્રલ પાલ્સીથી પીડિત છે. ઑંગ કહે છે કે, 'દિવ્યાંગો માટેની આ નવી યોજના તેમને રોજેરોજનું કામ સ્વતંત્ર રીતે કરવા, તેમજ સમાજમાં સંપૂર્ણપણે એકીકૃત થઈ જવા સમક્ષ બનાવશે.' ફૂ ક્વોક એલ.એલ.સી. ના એડવાઈઝર, ચિયા યોંગના હાથ-પગ કામ નથી કરતા. તેઓ કહે છે કે, 'મેં એલ.એલ.બી. કર્યું છે. પરંતુ કોર્ટમાં કાઈ વકીલ ઈન્ટરશિપ કરાવવા તૈયાર ન થયા. આ નવી યોજનાથી આવી મુશ્કેલીઓ દૂર થશે.'

**સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર**

**મેડિકલમાં પ્રવેશ માટે અનફિટ જાહેર કરાતાં**

# સેરેબ્રલ પાલ્સીગ્રસ્ત વિદ્યાર્થીનીની હાઈકોર્ટમાં રિટ, સરકારને નોટિસ

## NEET ની એકઝામ પાસ કર્યા બાદ મેડિકલ બોર્ડમાં ફિટ જાહેર છતાં પ્રવેશથી વંચિત રખાયાનો આરોપ

સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવા) ની ૫૦ ટકા દિવ્યાંગતાથી પીડાતી એક વિદ્યાર્થીનીને મેડિકલમાં અન્ડર ગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ માટે અનફિટ જાહેર કરાતાં, વિદ્યાર્થીનીએ પોતાના પ્રવેશ માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. હાઈકોર્ટે આ કેસમાં રાજ્ય સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ સચિવ, એડમિશન કમિટી સહિતના પક્ષકારોને નોટિસ જારી કરી હતી. કેસની વધુ સુનાવણી તા. ૨૨મીએ રખાઈ છે.

હાઈકોર્ટે રાજ્ય સરકારને સીધો સવાલ કર્યો હતો કે, ઓલ ઈન્ડિયા મેડિકલ બોર્ડે જ્યારે વિદ્યાર્થીનીને ફિટ જાહેર કરી છે ત્યારે, ગુજરાત મેડિકલ બોર્ડના ડૉક્ટર્સ તેણીને કેવી રીતે અનફિટ જાહેર કરી શકે...? અરજદાર વિદ્યાર્થીની તરફથી રિટ અરજીમાં રજૂઆત કરાઈ હતી કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા પ્રમાણિત પત્ર મુજબ, અરજદાર સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવા) ની ૫૦ ટકા દિવ્યાંગતા ધરાવે છે, પરંતુ તે બીજી બધી રીતે ફિટ છે. તેની આ બીમારીને લઈ તે સતત ફિઝીયોથેરાપી અને અન્ય સારવાર લઈ રહી છે કે જેથી તે નોર્મલ લાઈફના પ્રવાહમાં જોડાઈ શકે. અરજદારે નીટની પરીક્ષા પણ પાસ કરી દીધી છે અને તેણી ઓલ ઈન્ડિયા મેડિકલ બોર્ડ, મુંબઈ સમક્ષ હાજર પણ થઈ હતી. જેમાં તેણીને ૪૭ ટકા દિવ્યાંગતા સાથે ફિટ જાહેર કરાઈ હતી. જો કે, ગુજરાત મેડિકલ બોર્ડ દ્વારા તબીબી તપાસ માટે બોલાવાય, ત્યારે તા. ૧૫-૧૦ ના રોજ તેણીને અનફિટ જાહેર કરાઈ હતી. હવે પસંદગીની પ્રક્રિયા બંધ થઈ ગઈ છે અને એડમિશન પ્રોસેસ તા. ૨૮ ઓકટોબરથી શરૂ થઈ રહી છે ત્યારે, હાઈકોર્ટે સરકારના નિર્ણયને અયોગ્ય અને રદબાતલ ઠરાવી, તેણીને મેડિકલમાં પ્રવેશ માટે ફિટ જાહેર કરી અમદાવાદ સ્થિત સરકારી કોલેજમાં તેણીની એક જગ્યા ખાલી રાખવા હૂકમ કરવો જોઈએ અને ત્યાં સુધી સત્તાવાળાઓને મેડિકલ અને પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ નિર્ણિત નહીં કરવા વચગાળાની રાહત આપવી જોઈએ, તેવી રજૂઆત કરાય છે.

**સૌ. : ગુજરાત સમાચાર**

# બ્રિટનની વિકલાંગ નથાલી પહેલી રેસિંગ ડ્રાઈવર બની

બ્રિટનની નથાલી મેકગ્લોઈને શારીરિક વિકલાંગતાને માત આપીને ગ્રિનીઝ બુકમાં નામ નોંધાવ્યું છે.

નથાલી દુનિયાની પહેલી મહિલા છે જે કવાડ્રપ્લીજિક છે. આ એવા લોકો હોય છે, જેમને લકવાને કારણે ગરદનથી નીચેનું સમગ્ર શરીર કામ કરતું નથી. પાઈલટ રહેલી નથાલીની કાર દુર્ઘટનામાં ગરદન તુટી ગઈ હતી. નથાલી બ્રિટનમાં રેલી લાઈસન્સ હાંસલ કરનારી એકમાત્ર વિકલાંગ મહિલા છે.

**સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર**

## 'ચેતજો, અયોગ્ય ટીપાં નાખવાથી આપના બાળકને આંખો ગુમાવવી પડી શકે છે'

માનવ શરીરના નાજૂક અને બહુમૂલ્ય અવયવમાં આંખનો સમાવેશ કરી શકાય, તેમ છતાં સૌ આ આંખને જ નજર અંદાજ કરી રહ્યાં છે. ખાસ કરીને નાના બાળકોની આંખમાં એક વખત કોઈ ઈજા કે ક્ષતિ થયા બાદ તેની સારવાર મુશ્કેલ હોય છે, આમ છતાં લોકો બેદરકારી દાખવે છે અને બાળકો માટે મોટી મુશ્કેલી સર્જાય છે.

**આંખની કાળજી અને મોબાઈલના ઉપયોગ અંગે વાલીઓ જો જાગૃત નહીં બને તો પરિણામ ભયંકર આવી શકે છે.**

ડૉકટરની યોગ્ય સલાહ વગર બાળકની આંખમાં ગમે તે ટીપાં નાખવા અને ગમે તેવું કાજલ લગાડવું ખતરનાક સાબિત થઈ શકે છે. આવા ટીપાં અને કાજલની આડ અસરથી આંખોમાં ખરાબી અને મોતિયો પણ આવી શકે છે, તેમ જણાવી શહેરની પી.એન.આર. હોસ્પિટલમાં આંખના સર્જન તરીકે અત્યાર સુધીમાં છ વર્ષ સુધીના બાળકોના ૧૦૦ થી વધુ આંખના ઓપરેશન કરનાર ડૉ. જનકભાઈ શાહ (મુંબઈ) એ વધુમાં કહ્યું હતું કે, 'બાળકોને મોતિયો જન્મજાત આવવાની શક્યતા વધુ હોય છે પરંતુ ફોટો થેરાપી એટલે કે પેટીમાં રાખવાથી, આંખમાં કોઈ ઈજા થવાથી કે આ પ્રકારે કોઈ ટીપાં કે આંજણની આડ અસરથી પણ મોતિયો થતો હોય છે.' ભાવનગરમાં બાળકોના મોતિયાના નિષ્ણાંત નથી, પરંતુ ઓપ્થે. સર્જન આ ઓપરેશન કરી શકે છે. પી.એન.આર. હોસ્પિટલમાં આવા ઓપરેશન વિનામૂલ્યે થતા હોય છે. ઉલ્લેખનીય છે કે બાળકને જો મોતિયાનું ઓપરેશન સમયસર ન કરવામાં આવે તો વધતી ઉંમરની સાથે મુશ્કેલીઓ વધે છે. સમયસર નિદાન સારવાર અને જરૂર જણાયે ઓપરેશન જરૂરી છે. પરંતુ તેથી પણ વિશેષ અણસમજુ બાળકની આંખની દરકાર કરવી તે સમજુ વાલી તરીકે સૌની ફરજ છે. બાળકો દ્વારા મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ પણ અટકાવવો હાલના સમયમાં અતિ આવશ્યક છે.

## ઈન્ડિગો DGCA એ નિયમોમાં ફેરફાર કર્યો

**એરલાઈન્સ હવે વિકલાંગ મુસાફરોને રોકી શકશે નહીં**

નવી દિલ્હી (ન્યૂઝ ડેસ્ક). એરલાઈન્સ દ્વારા વિકલાંગ યુવકને ફ્લાઈટમાં ચઢતા રોકવાનો મામલો એટલો વધી ગયો છે કે હવે ડાયરેકટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ નિયમોમાં ફેરફાર કરીને એરલાઈન્સ માટે નવી સૂચનાઓ જારી કરી છે. ડીજીસીએ દ્વારા જારી કરાયેલા નવા નિયમ મુજબ હવે, એરલાઈન્સ વિકલાંગોને ફલાઈટમાં ચઢતા અટકાવી શકશે નહીં. એરલાઈન કંપનીઓ હવે વિકલાંગ મુસાફરોને તેમની વિકલાંગતાના આધારે ઉડાન ભરવાનો ઈનકાર કરી શકશે નહીં. DGCA એ આ માટે નવી સૂચના જારી કરી છે.

DGCA એ પોતાના નવા નિર્દેશોમાં કહ્યું છે કે 'જો એરલાઈન્સને લાગે છે કે વિકલાંગો ઉડાન ભરી શકતા નથી, તો આવી સ્થિતિમાં ડૉકટરે એરપોર્ટ પર પેસેન્જરની વ્યક્તિગત તપાસ કરવી પડશે અને ડૉકટરોની સલાહ બાદ જ નિર્ણય લઈ શકશે.' તાજેતરમાં ઈન્ડિગો એરલાઈન્સના કર્મચારીઓએ રાંચી એરપોર્ટ પર એક વિકલાંગ યુવકને પ્લેનમાં બેસતા અટકાવ્યો હતો. ત્યારબાદ DGCA એ IndiGo પર 5 લાખ રૂપિયાનો દંડ લગાવ્યો હતો. આ ઘટના બાદ DGCA એ પોતાના નિયમોમાં સુધારો કર્યો છે.

**સૌ. : વિકલાંગ મંચ**

## છેલ્લા પાંચ વર્ષમાં સાંધાના ઓપરેશન પાંચ ગણા વધ્યા, સાથે ઓપરેશન પછીની વેદના પણ

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) દિલ્હીના ઓર્થોપેડિક (હાડકાને લગતા) ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. રાજેશ મલ્હોત્રાએ જણાવ્યું છે કે "છેલ્લા પાંચ વર્ષમાં સાંધાની સર્જરીના કેસો અઢી ગણા વધ્યા છે." આનું કારણ જણાવતા તેમણે કહ્યું કે, "માણસનું આયુષ્યમાં વધારો તેમજ આ પ્રકારની સર્જરીની સગવડ ઘર આંગણે છે."

ઓપરેશનની વધતી સંખ્યા સાથે, ઓપરેશન પછી થતી વેદનામાં પણ વધારો થયો છે તે ચિંતાજનક છે. આ પ્રકારની વેદનામાં બીજીવાર કરવી પડતી સર્જરી, લોહીનું વહેવું અને ખાસ કરીને ડાયાબિટીસ, તેમજ મેદવાળા દર્દીઓને સર્જરી બાદ લાંબા સમય સુધી ચાલવામાં મુશ્કેલી ભોગવવી પડતી રહી છે.

સમય આવી ગયો છે કે સાંધાની સર્જરી કરતા પહેલાં, દર્દીઓનો ઈતિહાસ કે તેમણે અગાઉ કોઈ બીમારી ભોગવી હોય તેની નોંધ લઈને, તેને લગતી સારવાર નક્કી કરી અને દર્દીઓ નોર્મલ થાય પછી જ આ પ્રકારની સર્જરી કરવા ડૉકટરોએ જાગૃત રહેવું પડશે.

**સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**

# ૧ થી ૩૦ નવેમ્બર '૨૨ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| M/S. K.Uttamlal & Company - Mumbai | 25,000 |
| M/s. Vitrag Education Foundation C/O.Nationl Color Chemical - Mumbai | 15,00,000 |
| Shri Taldhwaj Jain Vidhyarthi Graha C/O,National Color Chemical-Mumbai | 5,00,000 |
| Shri Rupa Chittaranjan Shah - USA | 1,00,000 |
| Shri Bhaichand M Mehta Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Shilpa J Mehta Foundation - Mumbai | 25,000 |
| Late Shri Labhshankarbhai Navalshankarbhai Bhatt C/O. Dr. Kaushikbhai Bhatt - Bhavnagar | 3,000 |
| Shri Solanki Sagarkumar Ashokbhai - Surat | 23,980 |
| Shri Majidbhai A Pithadiaya - Bhavnagar | 25,000 |
| Shri Pratibha Pareshbhai Sanghavi - Mumbai | 3,50,000 |
| Shri Arati Rajeshbhai Vora - Mumbai | 20,000 |
| M/S. K.N.Shah Charitable Trust, C/O.National Color Chem.Corp.-Mumbai | 20,00,000 |

### CSR Donation

| | Rs. |
|---|---|
| M/S. Anand Engineers Pvt.Ltd - Mumbai | 1,00,000 |

### FCRA Donation

| | |
|---|---|
| M/S. Village Uplift - Virginia | $ 1,500 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Innarwheel Club Of Bhavnagar-Bhavnagar | 10,000 |
| Shri Abhay J. Raval - Jamnagar | 5,000 |
| Shri Maitra N. Parmar - Bhavnagar | 2,240 |
| Shri R. K. Shah - Bhavnagar | 2,500 |
| Shri Jayantilal Shah Trust - Mumbai | 10,000 |
| Shri Chandrakant Mulchand Shah Charitable Foundation - Mumbai | 21,000 |
| Shri AlokKumar Tiwari - Bhavnagar | 25,000 |
| Shri Rajeev Gopalji Varaiya - Mumbai | 10,700 |
| Shri Kavitaben Deshmukh - Mumbai | 1,000 |
| Smt. Dayaben Girijashankar Sheth - Mumbai | 25,000 |
| Shri Rotary Club Of Puna University Charitable Trust - Pune | 25,000 |
| Shri V & J. R. Shah Charitable Trust - Mumbai | 11,000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| M/S. Alang Auto And Gen. Engg. Co. Pvt. Ltd - Bhavnagar | 5,00,000 |
| M/S. Hi-Tech Investment Castings Private Limited - Bhavnagar | 4,00,000 |
| Shri Patel Shirishkumar Prahladbhai - Ahmedabad | 2,00,000 |
| Shri Bhupatbhai Mohanbhai Patel - Ankleshwar | 66,000 |
| Shri Jyotindra Prataprai Shah - Mumbai | 25,000 |
| Late Shri Mrudulaben Kanchanlal Parekh - Vadodara | 21,000 |
| Shri Urmilaben Hempradipbhai Joshi-Bhavnagar | 15,000 |
| Shri Jatinbhai Nagindas Bhayani - Bhavnagar | 11,000 |
| Shri Prakashkumar Manilal Mehta - Bhavnagar | 5,001 |
| Shri Divyesh Navinchandra Shah - Mumbai | 5,000 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ploclinic

| | Rs. |
|---|---|
| Shri Jaywanti Ramniklal Shah - Mumbai | 25,000 |
| Shri Ashish Rajnikant Joshi - Ahmedabad | 5,000 |
| M/S. Kilitch Healthcare India Ltd - Mumbai | 12,500 |
| Shri D. K. Ajmera Foundation Trust - Mumbai | 1,50,000 |
| Shri Pankaj Shashikant Zaveri - Mumbai | 20,000 |
| Shri Ankur School For Mentally Retarded Children - Bhavnagar | 10,000 |

## દિવ્યાંગો માટે અલગ 'સેલ' બનાવવામાં આવશે

### કામ માટે આમ-તેમ ભટકવામાંથી મુક્તિ મળશે

ચંદીગઢ (ન્યૂઝ ડેસ્ક). પંજાબના મુખ્યમંત્રી શ્રી ભગવંત માને દિવ્યાંગોને રાહત આપવાના નિર્ણય લઈ, દિવ્યાંગોને સમર્પિત આદેશો આપ્યા છે. મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું કે 'સમાજના આ વર્ગની લાંબા સમયથી સમર્પિત **સેલ**ની રચનાની માંગ હતી. જે વિકલાંગ વ્યક્તિઓ છે અને તેમના કલ્યાણ માટે સરકારની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોનો લાભ લેવા માટે તેઓને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. ઘણી વખત આ લોકોને તેમના કામ માટે અહીં ત્યાં ભટકવું પડતું હતું. જો કે હવે તે સમર્પિત **સેલ**, અલગ-અલગ વિકલાંગ વ્યક્તિઓ માટે સિંગલ વિન્ડો પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જેથી તેઓ વધુ લાભ મેળવી શકશે. એ જ રીતે, મુખ્યમંત્રી પણ **સેલ** વિશે તેમની ફરિયાદ નોંધી શકે છે. તમે તેને વધુ અસકારક બનાવવા માટે તમારા સૂચનો પણ આપી શકો છો.

**- સૌ. : વિકલાંગ મંચ**

# પી.એન.આર. સોસાયટી
# તસ્વીર સમાચાર


ફટાકડાં-મિઠાઈ વિતરણ...


ટોનોમિટર માટે ચેક અર્પણ...


એ.ટી. એન્ડ ટી. ની મુલાકાત...


'VCL' એરબેગ વિતરણ...


'અંકુર' માં મિઠાઈ વિતરણ...


રાષ્ટ્રીય શિક્ષણનીતિ...



ભાનુવાડી વોકેશનલ સેન્ટર...


સ્લો-લર્નર પ્રોજેક્ટ...

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 Dec.- 2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com